



## ડીસાના હનુમાન મંદિરો દર્શનાર્થીઓથી ઉભરાયા

બનાસકાંઠાના ડીસા શહેરના ભાવિકો પણ શનિવારે મારુતિ નંદનની ભક્તિના રંગે રંગાઈ ગયા હતા. શનિવારે હનુમાન જયંતીની ઉજવણી પ્રસંગે વેપારીમથક ડીસા શહેરમાં શોભતા હનુમાનજીના વિવિધ મંદિરોમાં પણ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે અંજની પુત્રના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ડીસાના ગાંધીચોક વિસ્તારના રોકડીયા હનુમાનજી તેમજ ત્રણ હનુમાન સહિતના હનુમાન મંદિરોમાં સવારથી જ દર્શનાર્થી ભાવિકોની ભીડ જામી હતી.ડીસા ખાતે હાઈવે વિસ્તારમાં બિરાજમાન ત્રણ હનુમાન મંદિરે પણ આજે હનુમાન જયંતીની ઉજવણી પ્રસંગે યજ્ઞ સહિતના અન્ય ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયા હતા. આ પ્રસંગે નગરના ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.આજે યોગાનુયોગ શનિવારે જ હનુમાન જયંતીની ઉજવણી થતા ડીસાના ત્રણ હનુમાન મંદિરે નવા જન્મેલા બાળકોના વડાં કરવા પણ ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી.

# લ્યો...બોલો, પ્રાંતિજમાં દસ કરોડની લોટરી લાગી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં રહેતા અને છેલ્લા કેટલાય વર્ષોથી બાપ દાદાઓના મંડપના ધંધા સાથે સંકળાયેલા કેતનભાઈ જશુભાઈ નાયક કે જેવોને ૧૦૦ રૂપિયાની લોટરીમાં ૧૦ કરોડ લાગતા નસીબ ખુલ્યું છે અને રાતોરાત કરોડપતિ બની ગયા છે તો આ સમાચાર વાયુવેગે પ્રસરી જતાં તેવોના ઘરે સગાસંબંધીઓ સહિત આજુબાજુના લોકો બધાઈ આપવા માટે દોડી આવ્યાં હતા. દુરના સગાસંબંધીઓ દ્વારા ટેલીફોન મારફતે તેવોને બધાઈ આપી હતી.



મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં રહેતા કેતનભાઈ જશુભાઈ નાયક કે જેવો બાપદાદાનો મંડપનો સાઉન્ડના ધંધા સાથે સંકળાયેલા છે અને તેવોને કિસ્મત અજમાવવાનો શોખ હતો અને તેવો દર મહિને ૧૦ થી ૧૦૦ની અંદર લોટરીની ટીકીટની ખરીદી કરતાં હતાં પણ છેલ્લાં દસ વર્ષથી તેવોનું નશીબ અજમાવતા હતાં છતાં પણ કાઈ ના લાગતાં નિરાશ થવાને બદલે તેવો લોટરીની ટિકિટોની ખરીદી કરતાં હતાં ત્યારે કહેવાય છે કે ઉપરવાલા દેતાં હે તો છપ્પર ફાડકે આવી જ ઘટના પ્રાંતિજમાં રહેતાં કેતનભાઈ સાથે બની છે અને તેવોનું કિસ્મત ખુલ્યું છે માત્ર ૧૦૦ રૂપિયાની લોટરીમાં દસ કરોડ લાગતાં કેતનભાઈનો સિતારો ચમકયો છે. તો આ અંગેના સમાચાર આજુબાજુમા તથા બજાર સહિત બાજુના ગામો સહિત સંગાસંધીઓમા સમાચાર પ્રસરી જતાં તેમના ઘરે તેમના મિત્રો સંગાસંબધીઓ સહિત તેમના ઘરે દોડી આવ્યા હતાં અને તેવોને બધાઈ આપી હતી તો દુરના મિત્રો સંબંધીઓ દ્વારા તેવોને તેમના મોબાઈલ ફોન ઉપર બધાઈ આપતાં દિવસના હજારો ફોન આવતાં તેવોની મોબાઈલની બેટરી પણ બેસી ગઈ હતી. તો જવાબ આપી આપીને તેવો કંટાળી જતાં છેલ્લે મોબાઈલ બંધ કરી મુકી દેવાનો વારો આવ્યો હતો.



(પહેલી એપ્રિલ)

# બનાસકાંઠા કાંકરેજ તાલુકાના વડા ગામે હનુમાન જયંતી નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી

કાંકરેજ, તા. ૩૧

કાંકરેજ તાલુકાના વડા ગામે આવેલા ઢતોસન હનુમાન મંદિરેથી હનુમાન જન્મ જયંતી નિમિતે ભવ્ય શોભા યાત્રા નીકળી હતી. જેમાં લાખો ભક્તો આ શોભાયાત્રામા દર્શન કરવા જોડાયા હતા અને શોભાયાત્રા પૂરી થયા બાદ ગુજરાત પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલ અને પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી, શશીકાંત પંડ્યા, ડીસા ધારાસભ્ય ભારતસિંહ ભટેસરિયા, કીર્તિસિંહ વાઘેલા, કાંકરેજ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપૂરા, અણદાભાઈ પટેલ, મફાજી સોલંકી સહિતના રાજકીય આગેવાનો અને મોટી સંખ્યામા ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. અને રામ વાટિકાનુ લોકાર્પણ શંકરભાઈ ચૌધરી અને પરબતભાઈ પટેલે કર્યું હતું ત્યાર બાદ વડા ખાતે સભા યોજાઈ હતી જેમાં શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઊપસ્થિત રહેવાના હતા પરંતુ કેન્દ્ર સરકારના એક સચિવ આવ્યા હોવાથી પોતે હાજરી આપી શક્યા નહીં. જોકે કાંકરેજ અને ડીસાના ધારાસભ્યોએ સીએમને આમંત્રણ આપ્યું હતું. આમ વડા ખાતે આવેલા ઐતિહાસિક હનુમાન મંદિરની મુલાકાતે આવેલા મંત્રીઓએ શ્રી રામ વાટિકા યુવક મંડળના સભ્યોને બિરદાવ્યા હતા અને આવેલા મહેમાનોને સાલ અને ફૂલહારથી સ્વાગત કરવામા આવ્યું હતું. આ શોભાયાત્રામા વડા ગામ દ્વારા સામૂહિક ભોજનની વ્યવસ્થા કરવામા આવેશે. જોકે આવનાર મહેમાનો અને વડા ગ્રામવાસી હનુમાનના મંદિરે ભોજન પ્રસાદ લઈ ધન્યતાનો અનુભવ કરે છે. આ મંદિર સત્તરસો વર્ષ જૂનું અને પૌરાણિક મંદિર છે જેની ગાથા રાજ્યસ્થાન સાથે જોડાયેલ છે. વર્ષો પહેલાં વડા સે ત્યાં ઢ્તોસન નામનું ગામ હતું એના ઉપરથી આ હનુમાનને ઢતોસન હનુમાન તરીકે ઓળખાય છે. આમ હનુમાન જયંતીની શોભાયાત્રા અને રામ વાટિકાનું લોકાર્પણ કરી લોકો માટે ખુલુ મૂકતાં લાખો લોકોએ રામવાટિકાની મોજ માણી હતી અને દર્શન કર્યા હતા. જેમાં ગાડું બળદનું પ્રતીક શોભાનું કેન્દ્ર બનવા પામ્યું હતું આમ વડા ખાતે ભારે ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે હનુમાન જન્મ જયંતીની શોભાયાત્રા નીકળી હતી.



# ભિલોડાના વાંકાનેર જીઆઈડીસીમાં વીજ કરંટથી યુવાનનું કરૂણ મોત

ભિલોડા,તા.૩૧

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામની જી.આઈ.ડી.સી.માં ગંગોત્રી મીનરલ આરો પ્લાન્ટની ફેક્ટરીમાં સવારે ૭:૩૦ વાગ્યાના અરસામાં વીજ કરંટ લાગતાં ખુમાપુર ગામના નવયુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. નવયુવાનના પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. નાનજીભાઈ બલેવીયાના જણાવ્યા મુજબ વાંકાનેર જી.આઈ.ડી.સી.માં ગંગોત્રી મિનરલ આરો પ્લાન્ટ ફેક્ટરીમાં વર્કર તરીકે ફરજ બજાવતા ખુમાપુર ગામના ચેતનકુમાર પ્રકાશભાઈ પરમાર, આશરે ઉંમર.વર્ષ-૩૧ છે. ચેતનકુમાર પરમારને વીજ કરંટ લાગતાં કરૂણ મોત નિપજ્યું હતું. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં મૃતદેહ પી.એમ. અર્થે ખસેડાયો હતો. મેડીકલ ઓફીસર ડાૅ. દિનેશ ચૌધરીએ મૃતદેહનું પી.એમ.કરી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. વાંકાનેર જી.આઈ.ડી.સી.માં ગંગોત્રી મિનરલ આરો પ્લાન્ટની ફેક્ટરીમાં વીજ કરંટ લાગતાં નવયુવાનનું મોત નિપજતાં પોલીસે સી.આર.પી.સી.કલમ ૧૭૪ મુજબ એ.ડી.નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ઉજવણી

અરવલ્લી, તા. ૩૧

શનિવારના દિવસે હનુમાન જંયતી હોવાને કારણે એક વિશેષ યોગ સર્જાયો હતો. અરવલ્લી-ભીડભંજન મંદિરે હનુમાનજીનો જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાનના મંદિર સહિત પૂજામાં બેસી પૂજાવિધીનો લાભ લીધો હતો. શનિવાર અને હનુમાન જયંતીના પાવન અવસરે ભગવાનના દર્શન માટે વહેલી સવારથી હજારો ભક્તો દર્શન માટે ઉમટયા હતા ને દર્શન કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા ૪૧ કિલોની કેક પણ બનાવાઈ છે જે મોડી રાત્રે કાપવામાં આવશે અને ભક્તોને પ્રસાદી રૂપે વહેંચવામાં આવશે તેમ મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું . જીલ્લામાં આવેલા હનુમાનજી મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા અને લઘુરુદ્ર અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. શામળાજીના વિષ્ણુ મંદિરે કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડથી મંદિર અને મંદિર પરિસર ઉભરાયું હતું. મોડાસાના શ્રી બાલકદાસજી મંદિરે લક્ષ્મી નારાયણ મહાપૂજા અને મહા આરતીનું આયોજન કરતા શહેરજનોએ પૂજા અર્ચનાનો લાભ લીધો હતો. જીલ્લાનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું.







સાબરકાંઠા જીલ્લામાં ઠેર ઠેર હનુમાનજી મંદિરે વહેલી સવારથી જ દર્શનનો લ્હાવો લેવા ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોડાસા તાલુકામાં આવેલા સાકરીયા ગામે રાજયનું એક માત્ર સુતેલા હનુમાનજીનું અતિપ્રાચીન ગર્ભ ગૃહને ફૂલો અને લાઈટોની રોશનીથી શણગારાયા હતા. જ્યારે હનુમાન જયંતી નિમિત્તે ભગવાનને બદામ કાજુ જેવા સૂકા મેવાનો ભોગ ધરાવાયો હતો. આ પ્રસંગે મારૂતિ યજ્ઞ પણ કરાયો હતો. જેમા ૧૦૦ પરિવારોએ યજ્ઞ મહાઆરતી નું આયોજન કરવામાં આવ્યું હતું.

ચૈત્રી પૂનમ હોવાથી મોડાસા તાલુકાના ઈટાડી ગામના સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. ૬ હજારથી વધુ દર્શનાર્થીઓએ

# ભિલોડા તાલુકામાં હનુમાનજી, મહાવીર જન્મ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

ભિલોડા,તા.૩૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં હનુમાનજી મહાવીર જન્મ જયંતીની ભક્તિભાવ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી યોજાઈ હતી.શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર વહેલી સવારથી જ ઉમટ્યા હતા.શ્રી રામચંદ્ર ભગવાન મર્યાદા પુરૂષોત્તમને પણ હનુમાનજીએ ઋણી રાખ્યા હતા.



શ્રી હનુમાનજી મહાવીરની જન્મ જયંતી નિમિત્તે મંદીરોમાં, ધાર્મિક સ્થાનોમાં ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવ પુર્વક યોજાયા હતા.શ્રી હનુમાનજી મહાવીરની જન્મ જયંતી નિમિત્તો ભાવિક ભક્તોએ સંગીતમય સુંદરકાંડના પાઠ, મારૂતી યજ્ઞ, હનુમાન ચાલીસા ગાનની શુરાવલીમાં ભાવિક ભક્તો તલ્લીન બન્યા હતા.ભિલોડા તાલુકામાં પવન પુત્ર હનુમાન જયંતીની શ્રધ્ધાભેર, ભક્તિભાવ પુર્વક, ધામધુમથી ઉજવણી યોજાઈ હતી .શ્રી રામભકત હનુમાનજીના મંદીરોમાં દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. અત્ર-તત્ર-સર્વત્ર હનુમાનજીના મંદીરોમાં પુજા, અર્ચના, આરતી કરી ધન્યતા ભાવિક ભક્તોએ અનુભવી અને મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

ભિલોડા તાલુકાના રાણી-ઓડ ગામમાં બાળ સ્વરૂપ હનુમાનજી મંદીરમાં હનુમાન જયંતીની ધામધુમ પુર્વક ઉજવણી યોજાઈ હતી.

ભિલોડાના રોકડીયા હનુમાન મંદીર, મોહનપુરના રૂડા હનુમાન મંદીર, પહાડાના ઈચ્છાપુર્ણ બાલબ્રહ્મચારી હનુમાન મંદીર, ભેટાલી ગામના ભીડ ભંજન હનુમાન મંદીર, ઘાંટી ગામના શ્રી કષ્ટભંજન દેવ હનુમાન મંદીર સહિત ઠેર-ઠેર હનુમાનજીના મંદીરોમાં ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં જય જય બજરંગબલીનો જયજયકાર સહિત રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી....નો નાદ વહેલી સવારથી જ મંદીરોમાં ગુંજતો હતો.

ભિલોડા-મોહનપુર રૂડા હનુમાનજી મંદીરે ભાવિક ભક્તો દર્શનાર્થે વહેલી સવારથી જ ઉમટ્યા હતા.ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા ધ્વારા બુંદીના પ્રસાદનું વિતરણ કરાયું હતું.

શ્રી અંજની પુત્ર હનુમાનજી મહાવીરના મંદીરોમાં મારૂતી યજ્ઞ, સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલીસાનો પાઠ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડામાં પવન પુત્ર હનુમાન જયંતીની શ્રધ્ધાભેર, ભક્તિભાવ પુર્વક, ધામધુમથી ઉજવણી યોજાઈ હતી. જય જય હનુમાન ગોસાઈ કૃપા કરો ગુરૂ દેવ કી નાઈ.... શ્રી ગુરૂ ચરન સરોજ રજ નિજ મન મુકુર સુધારી,વર્ણો શ્રી રઘુવીર બિમલ યશ જો દાયક ફલ ચાર બુધ્ધી હિન તનુ જાન કે સુમીરો પવન કુમાર, બલ-બુધ્ધી-વિદ્યા દેહું મોહી કરહું કલેશ વિકાર...

# પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરાઈ

### હનુમાન ભક્તોએ હનુમાન મંદિરે જઇ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં હજારો શ્રધ્ધાળુઓએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ શ્રી હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિની મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને મંદિર સંકુલ સહિત રંગબેરંગી લાઈટોથી રોશની કરવામાં આવી હતી અને દિવસે હવન સહિત હનુમાન ચાલીસા લધુરૂદ્ર સુંદરકાંડ, રામધૂન જેવા કાર્યકમો યોજાયા હતા. પ્રાંતિજ બજારચોક દેસાઈની પોળ ખાતે આવેલ હઠીલા હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞ સહિત દિવસ દરમ્યાન ભજન કિંતન કાર્યક્રમ યોજાયા હતા. જયારે પ્રાંતિજના રાસલોડ ખાતે પણ હનુમાન જયંતિની દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિર વ્યવસ્થા સ્થાપક રહિશભાઈ કસ્બાતી દ્વારા હનુમાન ભકતોને દર્શન સહેલાઈથી થઈ શકે તેને માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંહિ ગાંધીનગર, મહેસાણા, વડોદરા, મુંબઈ દુરદુરથી ભક્તો દર વર્ષની જેમ ઉમટી પડયા હતાં અને દાદાના દર્શન કરી મંદિર સંકુલમાં પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. જયારે હવન, સુંદરકાંડ, રામધૂન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં અને દિવસ દરમ્યાન હજારો હનુમાન ભક્તોએ દાદાના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# ગુજરાત એસ.ટી. નિગમ પાલનપુર વિભાગમાં એપ્રેન્ટીસ એક્ટ અન્વયે વિવિધ ટ્રેડની ભરતી કરાશે

પાલનપુર, તા. ૩૧

વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. વિભાગીય કચેરી પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, ગુ.રા.મા.વા. વ્ય.નિગમ,પાલનપુર વિભાગમાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ પ્રવર્તમાન નિયમાનુસાર આઈ.ટી.આઈ. મોટર મિકેનીક વ્હીકલ, ડીઝલ મિકેનીક, મોટર વ્હીકલ બોડી બિલ્ડર, વેલ્ડર અને પ્રોગામીંગ એન્ડ સીસ્ટમ આસી. (કોપા) ટ્રેડ પાસ એપ્રેન્ટીસોની ભરતી યોજાનાર હોઈ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિગમના વિભાગીય યંત્રાલય, વહીવટી શાખા, એરોમા સર્કલ પાસે, જી.ડી. મોદી કોલેજ સામે પાલનપુર ખાતે તા.૫-૪-૨૦૧૮ થી તા.૯-૪-૨૦૧૮ સુધી ૧૧ થી ૧૫ કલાકના સમય દરમ્યાન રૂબરૂમાં સંપર્ક કરી અરજીપત્રાક મેળવી લઈ શૈક્ષણીક લાયકાતના તમામ પુરાવાની સ્વપ્રમાણીત નકલો સહીત અરજી પત્રાક જમા કરાવવાનું રહેશે. તા. ૯-૪-૨૦૧૮ ૧૫ કલાક પછી કોઈપણ અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી. આ તારીખ પછી રૂબરૂમાં , ટપાલ દ્વારા કે અન્ય કોઈપણ માધ્યમથી મળેલ અરજી પત્રક માન્ય રહેશે નહી તેમ જણાવાયું છે.

# લીલછા ગામની સગીરાને મઉં ગામના યુવાને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી અપહરણ કર્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામની સગીર વયની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદા પુર્વક લલચાવી ફોસલાવીને સગીર વયની યુવતીનું યુવાને અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે. યુવતીના પરીવારજનોને જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ લીલછા ગામની મુસ્લીમ સમાજની ૧૭ વર્ષની ઉંમર ધરાવતી સગીર વયની યુવતીને મઉં ગામના યુવાન જયકિશન ઉર્ફે ભોલો પ્રફુલ્લભાઈ પ્રણામીએ લીલછા ગામની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદા પુર્વક લલચાવી ફોસલાવી યુવતીનું અપહરણ કરાતાં ચકચાર મચી જવા પામી છે. મઉં ગામના પ્રફુલ્લભાઈ નાથાભાઈ પ્રણામીએ યુવતીના પરીવારજનોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં મામલો ગરમાયો હતો. સગીર વયની યુવતીના પિતાએ પુત્રીના અપહરણ સંદર્ભે મઉં ગામના જયકિશન ઉર્ફે ભોલો પ્રફુલ્લભાઈ પ્રણામી, પ્રફુલ્લભાઈ નાથાભાઈ પ્રણામી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ અપહરણનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.